




બ્રહ્માકુમારીઝ દ્વારા શરૂ કરવામાં આવેલા કલ્પતરુહ પ્રોજેક્ટનો ગુજરાતમાં ગાંધીનગર ખાતે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આરંભ કરાયો હતો. ગાંધીનગર ખાતે યોજાયેલ ભાવસભર કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ હરિયાળા ગુજરાતની મનોકામના વ્યક્ત કરી હતી... બ્રહ્માકુમારીઝની પ્રવૃત્તિને બિરદાવતા કલ્પતરુહ અભિયાનને શુભકામનાઓ પાઠવી હતી... કેન્દ્રના વડા કૈલાસદીદીએ સમગ્ર અભિયાનની રૂપરેખા વ્યક્ત કરી હતી.

# શિક્ષક ગુરૂપદ પામે તે દિશામાં ટીમ બની કામ કરવા મુખ્ય સચિવની ટકોર

## બાળકના ગમા-અણગમાને પિછાણી તેની સુસ્વત શક્તિ ખીલવો : ત્રણ મહિના પછી પુનઃ સમીક્ષા માટે આવીશ

ગાંધીનગર, તા. ૨૫

પ્રવેશોત્સવના ત્રિદિવસીય અભિયાનના અંતિમ દિવસે રાયસણ પ્રા. શાળામાં કલસ્ટર રિવ્યુ કરતાં મુખ્ય સચિવે શિક્ષક શિક્ષક જ નહિ પણ સાચા અર્થમાં ઉપર ઉઠી અને ગુરૂપદ પ્રાપ્ત કરે તે જરૂરી છે.

તેમણે કહ્યુ કે શાળાઓની આંતરમાળખાકીય સુવિધાઓમાં સુધાર આવ્યો છે ત્યારે આ શાળા સંકુલોને થીમ બેઝ ડેવલપ કરવી જોઈએ.

મુખ્ય સચિવે જણાવ્યુ હતુ કે શિક્ષકોએ બાળકોના ગમા-અણગમાને પારખી અને તેનામાં પડેલી સુષ્વત શક્તિઓને જગાડવાનું કામ કરવાનું છે. તેમણે કહ્યુ કે સ્માર્ટ સ્કુલ, સ્માર્ટ ક્લાસ બન્યા તો શિક્ષક પણ સ્માર્ટ શિક્ષક બને અને વિદ્યાર્થીને આદર્શ નાગરિક બનાવે એટલુ જ નહિ તેની શક્તિઓને પારખી તેના વિકાસ માટે પ્રયત્નશીલ બને.

તેમણે જણાવ્યુ હતુ કે બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ ખીલવીએ એટલુ જ નહિ તેનામાં વાંચન, લેખન, ગણન અને ઉચ્ચાર શુદ્ધિ આવે તે પણ એટલુ જ જરૂરી છે. વિવેકી બાળક સૌને ગમે એટલે શિક્ષકની જવાબદારી સૌથી વિશેષ છે.

તેમણે ગુણોત્સવના પરિણામોને આધાર બનાવી કહ્યુ કે આમાં સુધાર લાવવો પડશે અને ત્રણ મહિના પછી તેઓ પુનઃ સમીક્ષા માટે આ શાળાઓમાં આવશે.

મુખ્ય સચિવે ગુણોત્સવના પરિણામોને લઈ કેટલાક મહત્વના સૂચનો તંત્રના અધિકારીઓને પણ કર્યા હતા. નાવિન્યતાપૂર્ણ પ્રોજેક્ટોની વાતો નહિ તેના અમલીકરણની સાથે આગળ વધવુ જોઈએ.

મુખ્ય સચિવે શિક્ષણ ઉપરાંત સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓને પણ વિકસાવવા કહ્યુ હતુ. દરેક શાળા એક નિશ્ચિત લક્ષ્યાંક સાથે આગળ વધે તે જરૂરી છે. તેમણે શિક્ષણની સાથે પર્યાવરણ, રમત-ગમત, લાયબ્રેરી, વાંચન જેવી સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધુ વિકાસ માંગી લે છે તેમ કહ્યુ હતુ.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૧ ૨ કેસ

## શહેરમાં કોરોનાના નવા ૭, ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા : સરગાસણમાં ૨, સે. ૨૦, ૨૨, ૧૨, ઈન્ફોસીટી અને આઈ.આઈ.ટી.માંથી કેસ મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાંથી ૩ અને કલોલ-માણસામાંથી એક-એક કેસ મળ્યો : શહેરમાં આજે નોંધાયેલા ૭ કેસમાં ૬ મહિલા દર્દી નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૭ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૫ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં સંક્રમણ વધી રહ્યુ છે અને કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા તેમજ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયેલા દર્દીઓ મળી રહ્યા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૩ તેમજ કલોલ-માણસામાંથી એક-એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા પાંચેય દર્દી પુરૂષ દર્દી છે. આજે નોંધાયેલા કેસમાં બે નિવૃત્ત કર્મયોગી છે જ્યારે એક વેપારી છે. બે ખાનગી નોકરીયાત છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની ગતિ વધી છે તેમજ અગાઉની લ્હેરમાં જે સંવેદનશીલ વિસ્તારો હતા ત્યાંથી કેસો મળી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસમાં ત્રણ દર્દી મોટી વયના હોઈ પણ તંત્ર ચિંતાતુર બન્યુ છે.ગાંધીનગર તાલુકામાં દશેલા ગામેથી ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ અડાલજ આ વખતે પણ સંવેદનશીલ બની રહ્યુ છે. આજે અડાલજમાંથી વધુ બે કેસ મળ્યા છે. ૮૬ વર્ષીય વૃદ્ધ તેમજ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં સેમી અર્બન વિલેજ બોરીસણામાંથી એક ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે વિદેશ પ્રવાસ કર્યો હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

માણસા તાલુકામાં વેડા ગામેથી ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલ આ દર્દીએ પણ વિદેશ પ્રવાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ પાંચેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ પણ મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચ દર્દી સાથે હાલ ૨૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૪૦ થી વધુ લોકોને આઈસોલેટ કરવામાં આવ્યા છે.

તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૭ કેસ નોંધાયા છે. સતત બીજે દિવસે ૭ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દી ૬૦ થી વધુ વયના છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈ.આઈ.ટી.માંથી વધુ એક કેસ મળી આવેલ છે. ૩૩ વર્ષીય યુવક ફોટોશુટ માટે કુડાસણ અને આસપાસના વિસ્તારોમાં ગયો હોવાનું જાણવા મળેલ છે.

ઈન્ફોસીટીમાંથી એક ૧૮ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીની પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૦માંથી ૫૯ વર્ષીય ગૃહીણી, સે. ૨૨માંથી ૬૩ વર્ષીય ગૃહીણી તેમજ સે. ૧૨ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ બનેલ સરગાસણમાં આજે બે મહિલા દર્દી મળેલ છે. બન્ને મહિલા દર્દીની આયુ એક સરખી છે અને તે અમદાવાદ જતી હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં આજે નોંધાયેલ ૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા આ ૭ કેસ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૪૫ થઈ છે. આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૪૧૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં કોરોનાના આજે નવા ૪૧૯ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૧૮ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૬,૪૬૩ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૨ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૪૩,૦૪૯ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૨૯૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે.

# સે. ૧, ખોરજ અને ઝુંડાલનું તળાવ નર્મદાના પાણીથી ભરવા મનપાની દરખાસ્ત

## રાયસણમાં પ્રવેશોત્સવ પછી મુખ્ય સચિવે બેઠકમાં ગાંધીનગરમાં થીમ બેઝ પાર્ક ડેવલપમેન્ટ સહિત પ્રવાસન વિકસે તે માટે મહત્વના સૂચનો કર્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં સે. ૧, ખોરજ અને ઝુંડાલના તળાવને નર્મદાના નીરથી ભરવા માટેની દરખાસ્ત મનપાએ નર્મદા વિભાગને દરખાસ્ત કરી છે.

આજે રાયસણ ખાતે પ્રવેશોત્સવ પૂર્ણ થયા બાદ મુખ્ય સચિવ પંકજકુમારે વિસ્તારના આગેવાનો સાથે યોજેલી બેઠક દરમ્યાન સ્કૂલ સામેના તળાવને પાણીથી ભરવુ જોઈએ તેમ જણાવતાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આ વિગતો આપી હતી.

મુખ્ય સચિવે ૧૫ ઓગષ્ટના ધ્વજવંદનના સમારોહ આઝાદી કા અમૃત મહોત્સવ પર્વને ધ્યાને રાખી અમૃત સરોવરના કિનારે યોજવા જોઈએ તેવુ પણ જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિના ચેરમેને અમૃતમ્ યોજનાના અમલીકરણ માટે વિવિધ બાબતોને આવરી લઈ આખો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યાનું જણાવ્યુ હતુ.

તેમણે ત્યાં સુધી કહ્યુ હતુ કે સે. ૧, ખોરજ અને ઝુંડાલના તળાવોને પાઈપલાઈનથી ભરવામાં આવે અને પાણીનો જે કંઈ ચાર્જ થશે તે મનપાએ ઉઠાવવાની તૈયારી પણ દર્શાવી છે.

આ તળાવો ભરાતા તેના બ્યુટીફીકેશનને લઈ શહેરનો નજારો પણ બદલાશે તેમજ રિચાર્જીંગમાં પણ રાહત થશે.

મુખ્ય સચિવે કહ્યુ હતુ કે ગાંધીનગર મનપા પાસે વિપુલ તકો છે. ગાંધીનગરના વિકાસ માટેની મનપાએ થીમ બેઝ પર દરેક ગાર્ડનને પણ ડેવલપ કરવા જોઈએ એટલુ જ નહિ તેમાં વોકીંગ થઈ શકે તે માટે અલગથી વોકીંગ ટ્રેક બનાવવી જોઈએ.

ગાંધીનગર એક પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામી રહેલ છે. અક્ષરધામ, મહાત્મા મંદિર, સંત સરોવર, દાંડીકુટીર જેવા સ્થાનો છે ત્યારે મનપાએ તે દિશામાં વિચારવુ જોઈએ. તેમણે કહ્યુ હતુ કે અંબાપુરની વાવનું સ્થાપત્ય સારૂ છે તો વિસ્તારને પણ ડેવલપ કરવા માટે મનપાએ આગળ આવવુ જોઈએ.

સ્થાયી સમિતિના ચેરમેને "ગાંધીનગર ગૌરવ" નામનું એક આગવુ પ્રદર્શન તૈયાર કરવાની વાત પણ કહી હતી આ માટે હાથ ધરાયેલ કવાયતની વિગતો પણ રજુ કરી હતી.

# રાજયમાં ત્રણ દિવસમાં ધો.૧માં ૫.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

## અંતિમ દિવસે ૧.૮૮ લાખ બાળકોનું નામાંકન થયુ : શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી


ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં તા.૨૩ થી ૨૫ જૂન દરમ્યાન રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવ– શાળા પ્રવેશોત્સવની ૧૭ મી શૃંખલામાં ૫ લાખ ૭૨ હજાર બાળકોનો ધોરણ-૧માં પ્રવેશ જનભાગીદારીના ઉમંગ-ઉત્સાહમય વાતાવરણમાં કરાવવામાં આવ્યો છે. જેમાં ધોરણ-૧માં ૨,૮૦,૪૭૮ દિકરીઓ તથા ૨,૯૧,૯૧૨ કુમારોનું શાળાઓમાં નામાંકન થયું છે. તે ઉપરાંત ત્રણ દિવસમાં ૧,૦૫૯ કુમાર અને ૭૧૬ કન્યા મળી કુલ ૧,૭૭૫ દિવ્યાંગ બાળકોના નામાંકન થયા છે. આ અભિયાન અંતર્ગત રાજયની આંગણવાડીઓ- બાલમંદિરમાં પ્રારંભિક શિક્ષા માટે ૨,૩૦,૭૩૨ ભૂલકાંઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ત્રણ દિવસમાં કુલ ૨,૮૦,૪૭૮ કન્યાઓએ ધો.૧માં અને ૧.૧૨ લાખ બાળાઓએ આંગણવાડી-બાલમંદિરમાં પ્રવેશ મેળવ્યો છે. એટલુ જ નહિ, રાજયભરમાં શાળાનુ પગથિયુ ચઢી રહેલા બાળકોમાં અત્યારથી જ પર્યાવરણની સમજ કેળવવાનો અભિગમ અપનાવી મહાનુભાવો દ્વારા પ્રવેશોત્સવની સાથોસાથ વૃક્ષારોપણ કરી ૧,૫૮,૮૨૦ વૃક્ષોનું વાવેતર કરાયુ છે તેમ શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ છે.

શિક્ષણમંત્રી શ્રી વાઘાણીએ આપેલી વિગતો અનુસાર રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન રાજયના ૨૨,૮૫૭ ગામોની કુલ ૩૦,૮૮૦ પ્રાથમિક શાળાઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લઈ ૧૦૦ ટકા નામાંકનની દિશામાં નક્કર કદમ ભર્યુ છે. ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા સાથે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદાતભાવથી તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૩-૦૪ શરૂ કરેલા કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવના જનઅભિયાનની ૧૭મી શૃંખલા આજે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની રાજ્ય સરકારની આ મુહિમને ખૂબ સારો જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે ત્યારે નાગરિકો દ્વારા આજે ત્રીજા દિવસે પણ અવિરત લોકસહકાર-દાન આપવામાં આવ્યુ છે. શાળા સંકુલોમાં માળખાગત સુવિધા વૃધ્ધિ માટે તેમજ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા સમાજ અગ્રણીઓ-સખાવતીઓએ આ અભિયાન દરમ્યાન દાનની જે સરવાણી વહાવી છે તે રૂ. ૨૮.૫૩ કરોડ જેટલી થઈ છે.

# અનોખો પ્રયાસ : કુમ કુમ પગલાં દ્વારા શાળા પ્રવેશોત્સવ




ગાંધીનગર, તા. ૨૫

હાલમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. દીકરી શક્તિનો અવતાર છે અને એનું પરિવારમાં આગમન મંગલ ગણાય છે. શાળામાં એનો પ્રવેશ પણ એટલો જ મંગલમય છે. આ ભાવનાને ચરિતાર્થ કરતાં સેક્ટર-૭ ની સરકારી પ્રાથમિક શાળામાં દીકરીઓના શાળા પ્રવેશને વધાવવા શાળામાં પ્રવેશ લેનારી તમામ દિકરીઓના મંગલ કુમ કુમ પગલાંની છાપ કાગળ પર લીધી છે અને આ કુમકુમ પગલાંને દીકરીના શિક્ષણના પ્રારંભની યાદગીરી રૂપે મઢાવી છે. શાળા પ્રવેશોત્સવમાં ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શાળા પ્રવેશોત્સવ અંગે યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું.

# વૉટર મેનેજમેન્ટ માટે પંચાયતે પહેલ કરી પ્લાન તૈયાર કરવો જોઈએ : મુખ્ય સચિવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૧૨ થી વધુ તળાવો એક એકર જેવડા બનાવવામાં આવ્યા છે ત્યારે વૉટર મેનેજમેન્ટ અંગે જિલ્લા પંચાયત પાસે જે વિપુલ તકો છે અને તેની પહેલ લેવી જોઈએ તેવી ટકોર રાજ્યના મુખ્ય સચિવે કરી હતી.

ગઈકાલે સાદરા માધવગઢ, ચેખલારાણી વિસ્તારની મુલાકાત પછી તેમણે પાણીની તંગી અને સરકારની અમૃત સરોવર યોજનાને સાંકળી આજે રાયસણ ખાતે આગેવાનો સાથેની બેઠકમાં કરી હતી.

મુખ્ય સચિવ પંકજકુમારે કહ્યુ હતુ કે તળાવોની એક ગ્રીડ બનાવવી જોઈએ અને તેનુ ઈન્ટર લીકેજી કરવા જોઈએ. અડાલજની વાવનો દાખલો ટાંકી તેમણે કહ્યું હતું કે કેવુ ઈજનેરી કૌશલ્ય છે તેનાથી કેટલો રિચાર્જીંગને ફાયદો થઈ રહ્યો છે.

જિલ્લાના તળાવોને ગ્રેવીટી સાથે ઈન્ટર લીંક કરી અને બારેમાસ ભરાયેલા રહેલા તેમજ આ તળાવોનું બ્યુટીફીકેશન કરી પ્રવાસન સ્થળ તરીકે પણ ડેવલપ કરી શકાય.

તેમણે આ અંગે આખી યોજના તૈયાર કરી પંચાયતે સરકારમાં રજુ કરવી જોઈએ. પંચાયતે આ દિશામાં મહત્વની ભૂમિકા નિભાવવી જોઈએ તેવુ હુ માનુ છું.

જિલ્લામાં મોટા તળાવો છે અને વૉટર મેનેજમેન્ટ જરૂરી છે તેવો આગ્રહ મુખ્ય સચિવે કર્યો છે.

ગાંધીનગર જિલ્લો આમેય ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને કારણે ભૂગર્ભ જળના સ્તર નીચે ગયા છે, ત્યારે મુખ્ય સચિવે પંચાયતને આ દિશામાં પહેલ કરી, વિકાસને વેગીલો બનાવી શકાય અને પ્રવાસનના સ્થળોમાં પણ વૃદ્ધિ થશે તેવી ટકોર ગંભીર છે. જિલ્લામાં ગયા વર્ષે ચોમાસામાં ૨૧ ટકા વરસાદની ઘટ રહી હતી જે નોંધનીય છે.

તેમણે રૂપાલના તળાવને ડેવલપ કરવાની કાર્યયોજના સાથે તેના બ્યુટીફીકેશન અંગેના પ્રોજેક્ટને પણ ચર્ચામાં ટાંક્યો હતો.

# જિલ્લામાં અંતિમ દિવસે વધુ ૩૨૪૩ વિદ્યાર્થીઓએ ધો. ૧ માં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અભિયાનના અંતિમ દિવસે ૩૨૪૩ બાળકોએ ધો. ૧ માં અને ૧૨૨૫ ભૂલકાંઓએ આંગણવાડી કેન્દ્રમાં પ્રવેશ મેળવ્યો હતો.

જિલ્લામાં આજે ૧૭૨ શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અંતિમ દિવસે પણ શાળાઓને રોકડ અને વસ્તુ સ્વરૂપે રૂ. ૨૯ લાખથી વધુનું દાન મળ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસમાં શાળાઓને રોકડ અને વસ્તુ સ્વરૂપે રૂ. એક કરોડથી પણ વધુની સખાવત્ પ્રાપ્ત થઈ છે.

આજે જિલ્લામાં દહેગામ અને કલોલ તાલુકામાં કન્યાઓએ કુમારો કરતાં વધુ પ્રવેશ ધો. ૧ માં લીધો છે.

આજે જિલ્લામાં ૩ બાળકોનું પુનઃ નામાંકન કરવામાં આવ્યુ છે. આજે વધુ ૧૫ દિવ્યાંગ બાળકોને પણ પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાં ૯ કુમાર અને ૬ કન્યાનો સમાવેશ થાય છે.

જિલ્લાની વધુ ૮ શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જિલ્લામાં સોમવાર સુધીમાં ૧૦૦ ટકા નામાંકન થઈ જશે તેમ જિલ્લા પ્રા.શિ. અધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ કહ્યુ હતુ.

# જિલ્લાના રાંધેજા ખાતે ભાજપમાં અસંતોષના ધુમાડા દેખાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર ભાજપમાં પણ અસંતોષની આગના ધુમાડા દેખાવા લાગ્યા છે. ગઈકાલે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાંધેજા ગામ ખાતે ભાજપના ૧૦૦ જેટલા આગેવાનો એકત્ર થયા હતા અને ત્રણ કલાક સુધી ચાલેલી બેઠકમાં અસંતોષના સૂર આલાપ્યા હતા. રાંધેજા ખાતે મળેલી બેઠકમાં કાઉન્સીલરો, કેટલાક વોર્ડ પ્રમુખો, અગ્રણી કાર્યકરોની આ બેઠક મળી હતી. મોટા ભાગના આગેવાનોએ તેમની કોઈ રજુઆતો સાંભળવામાં આવતી નથી તેમજ નક્કર વિકાસની કોઈ કામગીરી થતી નહિ હોવાનું કહી પોતાનો બળાપો વ્યક્ત કર્યો હોવાનું જાણવા મળેલ છે. કેટલાકે ગાંધીનગર શહેરના પ્રશ્નો સતત વધી રહ્યા છે અને તંત્ર જે ચુપકીદી સાધી રહેલ છે તેને લઈ પણ ચિંતા વ્યક્ત કરી હતી એટલુ જ નહિ સંગઠનમાં પણ સક્રિયતા સાથે જે રીતે કામગીરી થવી જોઈએ તે નહિ થતી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com